## પ્રવચન નં. ૧૦ ગાથા-૨ તા. ૧૭-૬-૧૯૭૮ શનિવાર જેઠ સુદ-૧૧ સં. ૨૫૦૪

સમયસાર ગાથા બે. પહેલો એક બોલ ચાલ્યો છે. જીવ કેવો છે ? ‘ જીવ–પદાર્થ છે ને ? ‘ આ જીવ–પદાર્થ કેવો છે ? ’ એ એક બોલ ચાલ્યો.

બીજો બોલ. ‘ વળી જીવ કેવો છે ? ’ છે ? વચમાં.

‘ નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે અને બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે; તેમનું નિરાકરણ સત્તાને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું ’ ત્યાં સુધી આવ્યું છે.

‘ વળી જીવ કેવો છે ? ચૈતન્યસ્વરૂપપણાથી ’ એનું સ્વરૂપ તો ચૈતન્ય છે. જાણવું દેખવું એનું કાયમ એનું સ્વરૂપ છે. ‘ ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય ઉદ્યોતરૂપ છે ’ ચૈતન્યના સ્વરૂપથી જીવ નિત્ય પ્રકાશમાન છે. કેવો છે જીવ ? કે ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય પ્રકાશમાન, નિર્મળ ઉદ્યોતરૂપ સ્પષ્ટ–ઉદ્યોતરૂપ નિર્મળ અને સ્પષ્ટ ‘ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે ’ એ ત્રિકાળીની વાત કરી. ત્રિકાળી તત્ત્વ આવું છે. એ હવે ઠરે છે ક્યારે શેમાં એ પછી લેશે. આવી ચીજ છે ! એ દર્શનજ્ઞાનમાં સ્થિત થાય, તો એને સ્વસમય કહેવાય એમ સિદ્ધ કરવું છે. આહાહા ! નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ–પ્રત્યક્ષ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે. ઈ તો પ્રત્યક્ષ દર્શનજ્ઞાન જ્યોતિ ત્રિકાળ સ્વરૂપ એનું છે. નિત્ય ઉદ્યોત નિર્મળ છે. એવું ઈ જીવદ્રવ્ય છે એમ સિદ્ધ કરવું છે. જીવ પદાર્થ આવો છે. પછી શેમાં સ્થિત થાય એ પછી કહેશે એ પર્યાયમાં.

‘ આ વિશેષણથી ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિં માનનાર સાંખ્યમતીઓનો નિષેધ થયો. કૌંસમાં કહ્યું કે કારણકે ચૈતન્યનું પરિણમન દર્શન જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્ય લેવો છે ને ! ‘ જાણનાર–દેખનાર ’ એનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે. ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનરૂપ છે. ( શ્રોતાઃ ત્રણે કાળે જીવ કેવો છે તે બતાવવું છે ? ) ત્રણે કાળે જીવદ્રવ્ય જે છે એ ચૈતન્યસ્વરૂપપણાને લઈને નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે. એટલે કે ચૈતન્યનું પરિણમન

દર્શનજ્ઞાનસ્વરૂપ છે. પરિણમન નાખ્યું જરી એમાં. આમ તો ત્રિકાળી બતાવવું છે. ત્રિકાળી દર્શનજ્ઞાનસ્વરૂપ છે, એનું પરિણમન દર્શનજ્ઞાનમય છે. આહાહા ! અહીંયાં તો ત્રિકાળી ચૈતન્ય દ્રવ્યની દૃષ્ટિ કરાવીને, ચૈતન્યને અંતર્ દર્શનજ્ઞાનમાં સ્થિત થયેલો એ આત્મા છે એમ જણાવવું છે. આહાહાહા !

ત્રીજો બોલ, વળી તે કેવો છે પ્રભુ જીવ દ્રવ્ય ? ' અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું ' આહાહા ! અનંત ગુણોરૂપી ધર્મ આહા.. અનંત ગુણોરૂપી ધર્મ, એમાં જે રહેલું એક ધર્મીપણું દ્રવ્ય એક. આહાહા ! અનંત ગુણોમાં કેમકે અનંત ધર્મ એવો એક એનો ગુણ છે. અનંત ધર્મ એવો એક એનો ગુણ છે. એથી અનંત ધર્મોમાં રહેલું. આહાહા ! એક ધર્મીપણું-એક દ્રવ્યપણું. એક દ્રવ્યમાં અનંતા ગુણો રહ્યાં છે, એથી એકરૂપ તે દ્રવ્ય અનંત ધર્મોમાં એકરૂપી ધર્મી તે દ્રવ્ય. છે ને ? ' અનંત ધર્મોમાં રહેલું ' ધર્મ શબ્દે ગુણ ને પર્યાય અથવા ત્રિકાળી ગુણ એક ધર્મીપણું જેને લીધે જે દ્રવ્યપણું પ્રગટ છે. કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે. કોઈ જુદી ચીજ નથી. જ્ઞાન, દર્શન જે ગુણ અપાર છે, અનંત છે અને તે ગુણો, એક ગુણ જ્યાં વ્યાપક છે ત્યાં અનંત ગુણો વ્યાપક છે. એમ કહ્યું ને ? એ અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું. એ વસ્તુ જે છે આત્મા, એના ગુણો અનંત, પણ તે અનંત ધર્મોનું રૂપ એક ધર્મી તે દ્રવ્ય છે. આહાહા ! એટલે ? એ ધર્મો અનંત એનો કોઈ અંત નહીં. અને એ ધર્મોમાં દરેક ધર્મ વ્યાપક છે. એટલે ? કે અનંત ગુણ છે આત્મામાં, તો જ્ઞાન છે ઉપર છે ને દર્શન હેઠે, ચારિત્ર હેઠે શાંતિ હેઠે વીર્ય હેઠે એમ એમાં ક્ષેત્રભેદ નથી. સમજાણું કાંઈ... ? જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે આમ વ્યાપક છે. એકેક ગુણો અનંત ધર્મોમાં વ્યાપક છે. એકેક ગુણો અનંત ધર્મોમાં રહેલ છે.

જેમ આ રજકણો છે. ઉપરનું રજકણ તે નીચલા રજકણની હારે નથી, નીચલું ઉપરની હારે નથી એમ આત્મામાં નથી. આત્મામાં અનંત ગુણો એમાં એક ગુણ ઉપર છે ને પછી છે ને પછી છે ને એમ અનંત ગુણનો આમ પિંડ છે એમ નથી. એક-એક ગુણ સર્વ ગુણમાં વ્યાપક છે. આહાહા ! જેમ કેરીમાં રંગથી દેખો તો સારી ( આખી ) કેરી વ્યાપક છે. ગંધથી દેખો તો આખી કેરી ( ગંધમય ) વ્યાપક છે. કેરી રસથી દેખો તો આખી કેરી ( રસથી ) વ્યાપક છે ને સ્પર્શથી દેખો તો આખી કેરી સ્પર્શમય વ્યાપક છે. એમ નથી કે કેરીનો રસ છે એ ઉપર રહે છે ને ગંધ છે તે હેઠે છે, સ્પર્શ હેઠે છે એમ ભાગ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

ગહન વિષય છે ! એ અનંત જેટલા ધર્મો એક તો એની અનંતતાની ગંભીરતા એક અને એ અનંત છે ત્યાં એક છે ત્યાં જ અનંત છે. ત્યાં એક છે ( તે ) બીજારૂપે થયો નથી. એક ગુણ છે ( તે ) બીજા ગુણરૂપે થતો નથી. પણ જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ સાથે વ્યાપ્યા છે. આવી વાત છે, તેથી તેને અનંત ધર્મોમાં રહેલું એક ધર્મી ( પણું ), દ્રવ્ય અનંત ધર્મોમાં વ્યાપનારું એમ. આહાહા ! જેમ ધર્મ એક અનંતમાં વ્યાપક છે એમ ધર્મી દ્રવ્ય અનંત ગુણમાં વ્યાપક છે. આહાહા ! ' અનંત ધર્મોમાં રહેલું એક ધર્મીપણું, આહાહા ! તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. ' વસ્તુ તે પ્રગટ છે. આહાહા ! કારણકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે. એ ખુલાસો કર્યો.

કૌંસમાં ઓલું જરી ચૈતન્યનું પરિણમન નાખ્યું છે ને ? ખરેખર તો નિત્ય દર્શનજ્ઞાનસ્વરૂપ સિદ્ધ કરવું છે આંહી, આંહી પરિણમન સિદ્ધ નથી કરવું. પરિણમનનું ય અહીં સિદ્ધ નથી કરવું,

આંહી તો વસ્તુ આવી છે બસ એટલું. ઈ પછી સ્થિત કેમ થાય ઈ પછી પરિણમનની દશા, એ પછી કહેશે. જે આ કૌંસમાં છે ને ? ' કારણકે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે ' ઈ ત્યાં મેળ નથી ખાતો. શું કહ્યું સમજાણું ?

આ નિત્ય લેવું છે ને આંહી ? વસ્તુ જીવ પદાર્થ, ત્રિકાળ જીવપદાર્થ કેવો છે ? એ લઈ અને પછી એ સ્થિત થાય છે દર્શનજ્ઞાનચારિત્રમાં એ પરિણમન છે. સમજાણું કાંઈ ? પાઠ એ છે ને, જુઓ ને ? ' ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય–ઉદ્યોતરૂપ, નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન જ્યોતિસ્વરૂપ છે. '

અને આમાં અનંત ધર્મોમાં રહેલું, ઓહોહો ! જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે. કેમકે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે, આ વિશેષણથી વસ્તુને ધર્મો રહિત–ગુણ રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો. આ જીવ–પદાર્થ, ' જીવો ' એ શબ્દ છે ને ? એની વ્યાખ્યા કરે છે આ. ' जीवो ' પછી जीवो चरितदंसणणाण ठिदो એ પછી પર્યાયની વ્યાખ્યા ચાલશે. સમજાણું કાંઈ ?

( શ્રોતાઃ આપ ઝીણી વાત કરો છો ને પાછું કહો સમજાણું કાંઈ ? )

આ બધા જુવાનિયા સાંભળે છે જુઓને બધા, આ તો આત્માની વાત છે. આહાહા ! એક કોર ' તત્ત્વાર્થસૂત્ર ' માં એમ કહે કે ઉદયભાવ તે જીવ છે. છે ને ? તત્ત્વાર્થસૂત્ર પહેલો અધ્યાય. પુણ્ય પાપ, રાગ દ્વેષ એ જીવતત્ત્વ, જીવ છે કેમ કે જીવની પર્યાય છે ને જીવ છે ? એક બાજુ એમ કહે કે ક્ષયોપશમભાવ આદિ ( ચાર ) ભાવ પણ જીવમાં નથી. એ દ્રવ્યની અપેક્ષાએ વાત છે. એકબાજુ એમ કહે, કે જીવમાં જે પર્યાયો રાગ, દ્વેષ, પુણ્ય, પાપ થાય છે એ બધાં પુદ્‌ગલ છે, પુદ્‌ગલ છે, એ કેમ કે એનામાંથી નીકળી જાય છે ને એની ચીજ નથી માટે. અને એને જીવતત્ત્વ કહ્યું કેમ કે એની પર્યાયમાં એના અસ્તિત્વમાં છે. કર્મના અસ્તિત્વમાં રાગદ્વેષ, પુણ્યપાપ નથી. સમજાણું કાંઈ ? આહાહા ! આવી વાત છે.

એક કોર કહે કે જીવમાં ક્ષાયિકભાવ નથી નિયમસાર. એ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ, ક્ષાયિકભાવ વસ્તુમાં ક્યાં છે ? વસ્તુ તો પરમપારિણામિકભાવ એકરૂપ છે. ક્ષાયિકભાવ તો પર્યાય છે. ક્ષાયિકભાવ જીવ દ્રવ્યમાં નથી. અને એકકોર કહે કે પર્યાયમાં રાગ દ્વેષ એ જીવતત્ત્વ છે. કઈ અપેક્ષાએ.. ( અપેક્ષા ) જાણવી જોઈએ ને ? પર્યાય એની છે એનામાં થાય છે પણ વસ્તુનો સ્વભાવ નથી, એથી એને કાઢી નાખીને પુદ્‌ગલના પરિણામ કહ્યાં.

અહીંયાં હવે જે છે એ તો એનાં અનંત એનાં ગુણોની વાત છે. પર્યાયની નથી. અરે ! આવું બધું સમજવું.

' અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે ' આહાહા ! વસ્તુ તે અનેક ગુણો જે છે, પર્યાયની અહીં વાત નહીં અત્યારે. તેમ પુણ્ય–પાપના વિકલ્પો એનામાં છે જ નહીં. વસ્તુના ગુણોમાંય નથી ને વસ્તુમાંય નથી. આહાહા ! આવો જે જીવ–પદાર્થ અનંત ગુણોનું એકરૂપ તે દ્રવ્ય છે. એમ કહીને ધર્મોથી રહિત માનનારનો નિષેધ કર્યો.

હવે વળી કેવો છે ? હવે સિદ્ધ કરે છે એની પર્યાય સહિત. ' ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયોને અંગીકાર કર્યા છે ' આહાહા ! ક્રમરૂપ એ પર્યાય છે. ક્રમે ક્રમે થતી પર્યાય, ક્રમે થતીમાં એક પછી એક થતી, એક પછી એક પછી જે થતી,

થવાની, તે થતી તે થતી એકપછી એક, એક પછી એક ગમે તે એક પછી એક એમ નહીં, એક પછી એક ગમે તે એક પછી એક એમ નહીં, જે થવાની છે તે એક પછી એક, તે રીતે ક્રમવર્તી છે ઈ... આહા ! લંબાઈમાં આમ એક ધારા જીવમાં.. પર્યાય લંબાઈ એટલે આયત–એક પછી એક જે પર્યાય થવાની છે તે. ક્રમબદ્ધ એક પછી એક, ક્રમવર્તી કહો, ક્રમબદ્ધ કહો પણ.. ક્રમબદ્ધમાં વધારે સંબંધ એક પછી એકની, જે થવાની એમ આંહી ક્રમવર્તીમાં ક્રમે વર્તે છે એટલું. પણ એમાંય ન્યાય તો આવી જાય છે એમાં ઈ.. ક્રમે વર્તે છે. પર્યાય એક સમયે એક વર્તે એ જ વર્તશે, બીજે સમયે વર્તશે, તે જ વર્તશે, એમ ક્રમે ઈ વર્તશે. એવો જેનો ક્રમવર્તી, પર્યાયનો ધર્મ છે. અને તે ક્રમવર્તી પર્યાયમાં તેને પરની કોઈ અપેક્ષા નથી, કે પર હોય તો આ ક્રમવર્તી પર્યાય થાય... એનો પોતાનો જ ક્રમવર્તી અને અક્રમવર્તી ધર્મસ્વભાવ છે. સમજાણું કાંઈ ? આવું ઝીણું ! હવે સમજવા ક્યાં નવરા થાય !

એક તો આખો દિ ' સંસારના પાપ આડે નવરાશ ન મળે. આહા ! સાંભળવા મળે તો પાછું કહે કે જીવતત્ત્વ, રાગ દ્વેષ જીવતત્ત્વ એકકોર કહે કે રાગદ્વેષ પુદ્‌ગલ તત્ત્વ કઈ અપેક્ષાથી કહે છે ( યથાર્થ ) જ્ઞાન ન કરે ને એકાંત માની લ્યે કે રાગદ્વેષ જડના જ છે, જડ જ છે એમેય ખોટું અને એ રાગદ્વેષ વસ્તુનો સ્વભાવ છે તેથી એ તે સ્વભાવમાં છે એય ખોટું. આહાહા !

' ક્રમરૂપ અને અક્રમરૂપ ' જુઓ આવ્યું, ગુણો છે ઈ તીરછાઅક્રમે છે આમ તીરછા અને પર્યાય આમ ક્રમવર્તી છે આમ... એક પછી એક પર્યાય કાળક્રમે આયત અને આ અક્રમે છે. જેટલા ગુણો છે તેટલા એ અક્રમે એક સાથે અને એક સાથે પણ ઉપરા ઉપર રહેલા એમ નહીં. બધા એકરૂપે રહેલા છે આમ. તીરછા.. તીરછા નામ વિસ્તાર... તીરછો આત્માનો વિસ્તાર તીરછો, પર્યાય આયત આમ લાંબી એક પછી એક અને આ વસ્તુના ગુણો છે એ અક્રમે છે. એક સાથે અનંત આમ તીરછા, છતાંય એ તીરછા એક પછી એક, એક પછી એક એમ ઉપર પાથરેલા એમ નહીં. પાથરેલા સમજાય છે ? એમ વિસ્તાર નહીં. એ એક જ ગુણ જ્યાં છે ત્યાં બધા ગુણો વ્યાપેલા હારે છે. છતાં એક ગુણ બીજા ગુણરૂપે થયો નથી. સર્વે ગુણ અસહાય. જેટલા ગુણો અનંત છે ઈ બધા અસહાય છે એને બીજા ગુણની સહાય નથી કેમકે ઈ સત્ છે, અસહાય છે, તીરછા રહેલા છે માટે અક્રમે છે અને એક સાથ વ્યાપેલા છે. એટલે અનંત ગુણોમાં અનંત સંખ્યામાં તીરછામાં આ પહેલો ને આ બીજો ને આ ત્રીજો એમ નથી. આહાહાહા ! જેમ અનંત ગુણોની સંખ્યામાં આ પહેલો, બીજો ને આ છેલ્લો, એમ ગુણમાં નથી. એમ તીરછામાં ગુણમાં પણ પહેલો ગુણ આ ને બીજો આ ને ત્રીજો આ એમ આમ તીરછા, એમ પણ નથી. સમજાણું ?

ફરીને, વસ્તુ છે એમાં અનંત ગુણ છે. એ અનંત ગુણ એને કાળ ભેદ નથી એક હારે છે એક વાત. અને અનંત ગુણ છે, એનો છેલ્લો ગુણ અનંતમો ક્યો ? એ નથી. એટલા અનંત સંખ્યાએ છે, અને તે અનંત સંખ્યાએ છે તે.. એક બે ત્રણ આમ જેમ રહે એમ નથી રહેલા. એક સમયમાં તીરછા વ્યાપક એક સાથે રહેલા છે. પંડિતજી ! આહાહા !

આ તો હજી ' જીવો ' એની વ્યાખ્યા કરે છે. પહેલો શબ્દ પડયો છે ને ? ' જીવો ' આ તો વાણી વીતરાગની બાપુ ! સર્વજ્ઞ, આહાહા ! ત્રણલોકના નાથની વાણી એ સંતો જગતમાં

આડતિયા થઈને જાહેર કરે છે. આડતિયા છે ભગવાનના માલના. કારણકે પૂરું તો પ્રભુએ જોયું છે પ્રત્યક્ષ, મુનિઓએ પૂરું પ્રત્યક્ષ જોયું નથી પણ પૂરા પ્રત્યક્ષનો એને પ્રતીત ને વિશ્વાસ છે. આહાહા !

એ વિશ્વાસ, અનુભૂતિ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં– સ્થિર વસ્તુમાં રહેલા પાછા ચારિત્રે, એ ભૂમિકાથી આ વાત કરી રહ્યા છે. આહાહા ! ‘ ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા ’ પ્રર્વતતા નામ ? ક્રમે પ્રવર્તે ઈ તો પર્યાય ભલે પણ અક્રમે પ્રવર્તતા એટલે એકહારે રહેલા, પ્રવર્તતા એટલે, અનંત ગુણો છે અક્રમે પ્રવર્તતા. પ્રવર્તતા નામ અનેક અક્રમે પરિણમે છે ઈ નહીં, એ અત્યારે નથી વાત. ઈ તો પર્યાયમાં ગ્યું પરિણમન. અને આ ગુણો છે તે અક્રમરૂપે પ્રવર્તતા, પ્રવર્તતા ( એટલે રહેલા ) આહાહાહા ! અરે કોને ? નિજઘરમાં શું છે એની ખબરું ન મળે બાકી બધી વાતું બહારની. આહાહા ! આવો પ્રભુ !

કેવો છે જીવ પદાર્થ ? કે ક્રમે, અક્રમે પ્રવર્તતા... આહાહા ‘ અનેક ભાવો ’ છે ? બેય અનેક ભાવ છે. ક્રમે પ્રવર્તતી પર્યાયો અનેક ભાવરૂપ છે, અને ગુણો અક્રમે રહેલા તિરછા એક સાથે વ્યાપેલા, આમ જ્ઞાન ને દર્શન ને આનંદ ને એમ નહીં. આમ જ્ઞાન છે ત્યાં દર્શન છે ત્યાં ચારિત્ર છે. એમ અનેકપણે પ્રવર્તતા– રહેલા. આહાહાહા ‘ અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી ’ જોયું ? પર્યાય ને ગુણ બેય જેનો સ્વભાવ હોવાથી, ક્રમે પ્રવર્તવું એવો પણ અનેક ભાવરૂપ એનો એક સ્વભાવ હોવાથી, અને અક્રમે પ્રવર્તવુ–રહેવું એ પણ એનો એક સ્વભાવ હોવાથી. આહાહાહા !

આ તો સમયસાર છે ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી, ઊંચામાં ઊંચી ચીજ, આહા.. સત્‌ને પ્રસિદ્ધ કરનારી એ ચીજ છે આ.

વાણિયાને તો એનો એક ધંધો ઈ નું ઈ બોલ્યા કરે આખો દિ ’ એક જાતનો ધંધો તો આનું આ ને આનું આ, એમાં કાંઈ નવું તર્ક કે કાંઈ છે ? આ લોઢાનો વેપાર કે આ લોઢું આવું હોય આનું આવું છે આનું આ છે. એય હિંમતભાઈ ! જેને જે ધંધો હોય અમારે માસ્તર કહેતા, નહીં ? હીરાચંદ માસ્તર ( કહે ) અમે માસ્તર બધા પંતુ કહેવાઈએ કે કેમ ? કે અમારે આખો દિ ’ શીખવવાનું એ જ હોય કાંઈ આડુ અવળું તર્ક કે કાંઈ વિશેષ હોય નહીં. અમારે હિરાચંદ માસ્તર રતિલાલના બાપ, અમારે એની એ ભાષા આનું આમ ત્રણ ને બે પાંચ– સાત ને પાંચ બાર ને ફલાણું એનું એ શીખવવાનું એમાં કાંઈ કોઈ નવો તર્ક કે કોઈ નવી વાત નહીં. પંતુ જેવા છીએ અમે તો એઈ એમ આ વાણીયાય સમજ્યા વિનાના બધાય પંતુ જેવા છે એનું એ આખો દિ ’ એના એ શબ્દો– એની એ વાતો નવું શું ચીજ છે ?

( શ્રોતાઃ વાણિયા તો ડાહી જાત છે. ) ડાહી જાત છે બધી સમજવા જેવી ! કીધું ’તું ને આવ્યો ’તો છોકરો એક વીસ–પચીસ લાખનો આસામી. દુકાન નવી કરવી હશે તો સૌને મનમાં એમ ને કે મહારાજના દર્શન કરીએ. મેં તો એટલું પૂછ્યું એને કે એલા આ જે પચાસ, સાંઈઠ, સીત્તેર વરસ કહેવાય છે, એ શરીરના કે આત્માના ? ( શ્રોતાઃ એ તો મહારાજને ખબર હોય ને ? ) કિરણભાઈ ? એક જુવાન માણસ આવ્યો ’તો જામનગરમાં દુકાન કરવી હતી. વીસ–પચીસ લાખનો હતો. સૌને પ્રેમ તો આંહી ઘણો ને... ઊંડે ઊંડે તો મારાજ ’ના પગલા થાય,

માંગલિક સાંભળશું તો દુકાન-દુકાન સરખી ચાલશે. એવી એવી માન્યતાઓ બાકી તો થવાનું હોય તે થાય ત્યાં ક્યાં અમારે લઈને શું થાય છે ? ( શ્રોતાઃ ગાંડા માણસ સાજા થઈ જાય છે )

આંહી કહે છે. આહાહાહા ! જીવ પદાર્થ એવો છે, કે જેની પર્યાયો ક્રમવર્તી પ્રવર્તે છે એની, આહાહાહાહા ! અને જેના ગુણો અક્રમે એક સાથે તીરછા વિસ્તાર આમ, પર્યાય આમ, ગુણ આમ. એ પણ એક પછી એક ગુણ એમ નહીં. એક ગુણ આખો છે ત્યાં અનંત ગુણો વ્યાપેલાં છે બધાં. આહાહા ! એ ' વિભુ ' નામનો ગુણ છે ને એમાં ૪૭ શક્તિ વિભુ. જ્યાં જ્ઞાન વ્યાપક છે ત્યાં બધું વ્યાપક છે. આ... આ... એમ અનંતગુણ છે તે જ્ઞાન આંહી, દર્શન આંહી, આનંદ આંહી, આમ થોકડો પડયો છે એક પછી એક એમ નથી. વ્યાપેલો થોકડો છે, જ્યાં એક ગુણ છે ત્યાં અનંત ગુણ રહેલાં છે. ક્ષેત્રથી તો રહેલાં છે ભાવથી પણ વ્યાપીને રહેલાં છે. આહા ! રૂપિયા તો ગણવા ધૂળમાં ન્યા ક્યાં ? આ પાનું પણ એક પછી એક લ્યો ને આમ ! એમ આમાં નથી.

એમ આ ગુણો જે છે. એક તો એક શબ્દ વાપર્યો કે ' ક્રમ અને અક્રમ અનેક ભાવો ' એમ કીધું ને ? અનેક શબ્દે અનંત, બેથી માંડીને અનંતને અનેક કહેવાય છે. એટલે વસ્તુ જે છે પ્રભુ આત્મા, એની પર્યાયો અનેક લાંબી આમ ક્રમે પ્રવર્તે. તે પણ એક પછી એક, એક પછી એક, આડી આવળી નહીં અને વચ્ચમા પાંચમે સમયે થવાની હોય બીજે સમયે થાય, બીજે સમયે થવાની પાંચમે ( થાય ) એમેય નહીં. આહાહા ! એવી ક્રમે પ્રવર્તતી પર્યાય અનંત છે. અનેક શબ્દ વાપરીને અનેક કહ્યું છે. એમ અક્રમે પ્રવર્તતા ગુણો પણ અનંત છે. આહાહા !

જરી ઊંડો વિચાર કરે તો એને પત્તો લાગે કે, ઓહોહોહો ! ( હું કેવો છું ! )

બીજા દ્રવ્યો તો એની પાસે રહ્યાં, જુદાં ! આ એક પોતે છે, જે અનંત, અનંત, અનંત ગુણોથી ભરેલો, અને એક ગુણ છે ત્યાં બીજો ગુણ વ્યાપી રહેલો અને અનંત છે ત્યાં સંખ્યાનો ક્યાંય છેડો નથી, ક્ષેત્રથી તો આત્મા આ શરીર પ્રમાણ એટલામાં આવી ગયો આત્મા. પણ એની શક્તિઓ જે ગુણો છે. એ તો એટલા અનંત છે કે જેને એક પછી એક તો કાળ લાગુ પડતો નથી, પણ જેને આ છેલ્લામાં છેલ્લો આ ગુણ છે એવું ત્યાં લાગુ પડતું નથી. આહાહા ! એમ ' અનેક ' પ્રવર્તતા કહ્યું. અનંત ગુણો એક સાથે પ્રવર્તે છે. વિસ્તારરૂપે તીરછારૂપે આમ. આહાહાહા !

આ તો હવે ઓગણીસમી વાર વંચાય છે એ બધું પછી અઢારવાર તો વંચાઈ ગયું છે આ સમયસાર, આ તો ઓગણીસમી વાર શરૂ થયું છે.

( શ્રોતાઃ દરેક વખતે જુદી જુદી રીતે આવે ? ) આવે બીજુ જુદી રીતે કાંઈ એક ધારી વાત છે ? આહાહા ! ( ત્રણ વર્ષે પુરૂં થશે ) હા, એ તો કયારે પુરૂં થાય ? એ તો. આહાહા !

' ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતા ' એટલે હૈયાતિ ધરાવતા એમ, સમજાણું ? ' અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી ' અનેક એટલે અનંત, હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે ' પદાર્થ... એવી ચીજ છે કે અનંતા ગુણો અક્રમે અને અનંતી પર્યાયો ક્રમે એ અંગીકાર કર્યા છે. એવો ઈ જીવ પદાર્થ છે. આહાહા ! ' ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવો છે ' આહા ! અને ૪૯મી ગાથામાં ' અવ્યક્ત 'માં એમ કહે કે જીવદ્રવ્ય છે તેમાં પર્યાય આવતી નથી. દ્રવ્ય

પર્યાયને સ્પર્શતું નથી. પર્યાય દ્રવ્યને સ્પર્શતી નથી. આહાહા ! બેનું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ કરવા ( કહ્યું છે ) અને આંહી તો એક જીવ પોતે છે આખો એ પોતે ગુણપર્યાયો ને અંગીકાર કરેલા છે. પ્રવીણભાઈ ! આવું ઝીણું છે. એક વાર સમયસાર સાંભળ્યું એટલે આપણે સાંભળ્યું છે બસ. અરે બાપુ ! એ સમયસાર શું ચીજ છે. આહાહા ! ત્રણલોકના નાથ સર્વજ્ઞપરમાત્મા એનું પ્રવચનસાર છે આ, આ ' સમયસાર ' છે. આત્મસાર, ઓલું પ્રવચનસાર એની વાણીનો સાર. આહાહા !

આવા અગાધ ગુણ ને અગાધ ક્રમ પર્યાયો અનંતી એને જેણે અંગીકાર કર્યો છે, એટલે કે ગુણપર્યાયવાળું દ્રવ્ય છે એમ. ગુણપર્યાયવાળું દ્રવ્ય છે, એમ ' તત્ત્વાર્થસૂત્ર 'માં આવે છે. આહા !

' પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે ' સાથે રહેનારા અનંત ગુણોને અક્રમવર્તી પણ કહે છે. સહવર્તી એટલે દ્રવ્યની સાથે રહેલા એમ નહીં. દ્રવ્યની સાથે રહેલા માટે સહવર્તી એમ નહીં. ગુણો ગુણો પોતે એકસાથે રહેલા માટે સહવર્તી, સહવર્તી દ્રવ્યની સાથે ( રહેલા ) જો સહવર્તી કહીએ તો પર્યાય પણ દ્રવ્યમાં સાથે વર્તે જ છે, એટલે આંહી તો ગુણો એકસાથે વર્તે છે, તીરછા અનંત ગુણો ભલે સંખ્યાનો પાર ન મળે, છતાં એક સમયમાં સાથે વર્તે છે. ગુણ, ગુણમાં સાથે વર્તે તે સહવર્તી છે. ગુણ, દ્રવ્યમાં સાથે વર્તે માટે સહવર્તી છે એમ નહીં. આહાહા ' પંચાધ્યાયી ' માં છે ઈ. ' પંચાધ્યાયી 'માં ખુલાસો કર્યો છે. આહાહા ! આ વાતનો.

' સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે. આ વિશેષણથી... જીવના વિશેષણ છે ને ! આ... વિશેષણથી પુરુષને નિર્ગુણ માનનાર સાંખ્યમતીઓનો નિરાસ થયો. ' સાંખ્યમતી કહે છે પુરુષ તો નિર્ગુણ છે. એ તો એના પ્રકૃતિના જે ગુણો છે રજો, તમો ગુણ એ એમાં નથી. પણ એના જે સ્વભાવરૂપ ગુણ છે એ એમાં ત્રિકાળ પડયા છે. ઈ તો એને ખબર નથી. આવે છે ને ? રજ, તમો ને સત્ત્વ ઇ તો પ્રકૃતિના ગુણો, ઈ પ્રકૃતિના ગુણો સ્વભાવમાં નથી. આત્મામાં નથી પણ આત્મામાં જે ત્રિકાળ અનંતા વર્તતા ( ગુણો ) એક સમયમાં એ છે અને અનંતી પર્યાયો છે ક્રમે. એ ગુણ ને પર્યાયો જેણે અંગીકાર કર્યા છે એવું તે–જીવદ્રવ્ય છે. આહાહા !

આમાં કેટલું યાદ રાખવું ? દુકાનના ધંધામાં તો ઈ ને ( ઈ ) દાખલા ને ઈ ને ઈ પલાખા. નવું કાંઈ શીખવાનું કાંઈ ન મળે ! મજુર બેઠો હોય તો ઈ એય બોલ્યા કરે ઈ ને ઈ. આનું આટલું ને આનું આટલું ને આનું આટલું એનો શેઠ બેઠો હોય તો ઈ એ જ કર્યા કરે, બોલ્યા કરે. આહાહા !

આ ચીજ તો બીજી છે બાપુ. આહાહા ! દેહમાં ભિન્ન જીવ પદાર્થ કઈ રીતે છે ને કઈ રીતે એમાં ગુણો ને પર્યાયો પ્રવર્તી રહ્યા છે ? પર્યાયો ક્રમે પ્રવર્તી રહી છે, ગુણો એકસાથે–અક્રમે પ્રવર્તી રહ્યા છે. માટે તે દ્રવ્ય ને ગુણ ને પર્યાયોને અંગીકાર કરનારું કહેવામાં આવે છે. આહાહા ! ભાષા તો સાદી છે, પણ હવે ભાવ તો ભઈ જે હોય તે હોય ને ! ! ( શ્રોતાઃ બહુત ગંભીર હૈ ) ગંભીર હૈ. આહાહા ! ( શ્રોતાઃ નિમિત્ત તો પર્યાયનો ક્રમ તોડી નાખે છે એમ દેખાય છે. ) બિલકુલ જૂઠી વાત છે. એ જ અજ્ઞાનીના, મોટા વાંધા.

ઉપાદાનમાં અનેક જાતની યોગ્યતા છે નિમિત્ત આવે એવું થાય એમ કહે છે, એ તદ્દન જૂઠી વાત છે. ઉપાદાનમાં એક જ જાતની તે સમયે જે નિજ ક્ષણે ઉત્પન્ન થવાનો સમય છે તે ક્ષણે તે થશે, એક જ યોગ્યતા છે, બીજી યોગ્યતા છે જ નહીં. એ રતનચંદજીને ઈ કહે છે બધા... ઉપાદાનમાં ઘણી જાતની યોગ્યતા છે, પાણીમાં ઘણી જાતની યોગ્યતા છે, પણ એમાં રંગ નાખો એવું દેખાશે. લીલો નાખો તો લીલું, પીળો નાંખો તો પીળું એ વાત તદ્દન ખોટી છે. આહાહા !

તત્ત્વની વાતું સમજવી, સાંભળવી એ બાપુ બહુ કઠણ બાપુ ! બાકી તો ધૂળધાણી ને બધું આખું... સંસાર, હેરાન થઈને મરી ગ્યા છે એમને એમ અનંત કાળ કાઢયો, રખડતાં ! પણ રખડનારની દશા ને રખડનારના ગુણો અને રખડનારો પોતે કોણ ? કેટલો ? કેવડો છે ? જાણ્યો નહીં. કાં તો ભૂલ થઈ છે ( એ ) કર્મે કરાવી છે, આહા ! અને કાં ભૂલ છે એ મારો ત્રિકાળીસ્વભાવ, ગુણ મારો છે, એ દરેક ભૂલ. આહાહા !

પર્યાયમાં ભૂલ જે સમયે થવાની છે ક્રમે તેનો કાળ છે, કાળલબ્ધિ છે ઈ. જે સમયે જે પર્યાય થાય એ તેની કાળલબ્ધિ છે. અને તે તેની નિજ ક્ષણ છે. આહાહા ! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ત્યાં સુધી ( કહ્યું છે ) કહ્યું 'તું તે દિ ' ત્યાંય, કે અરે જિનાજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહીં, " કર્મને લઈને વિકાર થાય એમ માનવું. " જૈનની આજ્ઞા જો માને તો આવી અનીતિ સંભવે નહીં. એ વાત થઈ 'તી તે દિ ' ત્રીજી સાલમાં, પણ અંદર... ઘણા વરસથી બેઠેલી ઊંધી ( માન્યતા ), ખસેડવું કઠણ પડે માણસને અને પંડિત થઈ ગયેલા હોય મોટા, ભણી ભણીને વ્યાકરણ ને સંસ્કૃતના. ઓહો ! ( શ્રોતાઃ કાશી જઈ આવ્યા હોય ) કાશી જઈ આવ્યા હોય કે બનારસ જઈ આવ્યા હોય, કાશી કરવત મૂકી આવ્યા હોય. આ તો કાશી ભગવાન આંહી છે. આહાહા ! ત્યાં જાય તો એની ખબર પડે કે એની શી સ્થિતિ છે. આહાહા !

' વળી તે કેવો છે પ્રભુ ? ' **જીવો** ' એની વ્યાખ્યા હાલે છે ફક્ત. આહા ! અને તેથી એમાંથી શક્તિ જે ૪૭ છે એમાંથી પહેલી જીવત્વ શક્તિ આમાંથી કાઢી છે અમૃતચંદ્રઆચાર્યે. ટીકા પોતે કરનાર છે ને ! અમૃતચંદ્રાચાર્યે ગજબ કામ કર્યું છે. કુંદકુંદાચાર્યે, પંચમઆરાના તીર્થંકર જેવું કામ કર્યું છે, આણે ગણધર જેવું કામ કર્યું છે અમૃતચંદ્રાચાર્યે. એક હજાર વર્ષ પછી થયા. કુંદકુંદાચાર્યને મળ્યાય ન હતા. આહા !

વાતને જેવું પેટમાં છે, જેવું અંદરમાં છે એવું ખોલીને મૂક્યું છે આંહી. આહા ! સમાજની જેને તુલના રાખવાની દરકાર નથી, કે સમાજ આમાં સરખી રીતે બધાં માનશે કે નહીં માને એની જેને દરકાર નથી, સત્ય આ છે. સમાજ સમતુલ રહો, બધાં ભેગાં થઈને માનો કે ભેગાં થઈને ન માનો એની સાથે કોઈ સંબંધ નથી. આહાહા !

( શ્રોતાઃ નિર્દયપણે કહ્યું છે, એણે નિર્દયતાથી કહેવાય ? ) એ એણે નિર્દયપણે જ કાપી નાખે એવો પાઠ છે શાસ્ત્રમાં કળશ છે. રાગ-દ્વેષને ભેદજ્ઞાન, નિર્દયપણે કાપી નાખે છે એને. એવો પાઠ છે, મૂળ પાઠ છે. કરવતની પેઠે, કરવત હોય ને ક્રોંચ ? નિર્દય રીતે ભેદ કાપી નાખે છે. એટલે કે અનાદિનો રાગનો સંબંધ તેને નિર્દય રીતે ભિન્ન કરી નાખે છે આમ. અનાદિનો ' બંધુ ' તરીકે ' પરમાત્મપ્રકાશ 'માં તો એમ નાખ્યું છે. એ પુણ્ય-પાપ એ ' બંધુ ' હતા અનાદિના સાથે રહેલા અનાદિના બંધુ એ બંધુનો ઘાત કરનારો આત્મા છે, આહાહા ! અનાદિકાળથી પુણ્ય

ને પાપ ને મિથ્યાત્વભાવ હારે રાખ્યા, એને એક ક્ષણમાં ભેદજ્ઞાને નિર્દયપણે કાપી નાખ્યાં ધડાક દઈને. અહા ! આવી વસ્તુ છે.

'વળી તે કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી' જીવદ્રવ્યમાં એટલું સામર્થ્ય–તાકાત છે, કે પોતાના અને પરદ્રવ્યોના આકાર એટલે વિશેષપ્રકારો 'એને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે' આહાહાહા !

'બધાને જાણવા છતાં એકરૂપે રહેલો છે અનેકને જાણવા છતાં અનેકપણે થયો નથી, અનેક જ્ઞેયોને જાણવા છતાં અનેક જ્ઞેયરૂપે થયો નથી' 'અનેક જ્ઞેયોને જાણવા છતાં, એ જ્ઞાનરૂપ રહીને અનેક જ્ઞેયોને જાણ્યા છે જેણે' આહાહા ! ઓહોહો ! કુંદકુંદાચાર્યે સમયસાર બનાવ્યું હશે. આહાહાહા ! એ હું શરૂ કરું છું. આહાહા ! મારા જ્ઞાનમાં, ક્ષયોપશમમાં જે ભાવ છે, એ રીતે હું જણાવવા શરૂ કરું છું. વાણીનો વિકલ્પ ને વાણી તો એને કારણે આવશે. આહાહા !

આ તો ભઈ નિવૃત્તિનું કામ છે, નિવૃત્તિ લઈને પછી આ વસ્તુ તદ્દન નિવૃત્તસ્વરૂપ છે અંદર... એને જાણવા માટે ભાઈ બહુ વખત જોઈએ નહિંતર એના જનમ મરણ નહિં મટે બાપા ! એ ચોરાશીના અવતાર ભાઈ ! આ દેહ છૂટયો ને ક્યાં જશે ? ભાઈ ! આહા ! આ દેહ છૂટશે પણ આત્માનો કાંઈ નાશ થશે ? આત્મા તો રહેવાનો છે. આહાહા ! તો આ બધું છૂટી જશે તો રહેશે એકલો ક્યાં ? આ બધા મારાં, મારાં મારાં કરીને મમતામાં મિથ્યાત્વમાં ગાળ્યો વખત, એ મિથ્યા ભ્રમમાં રહેશે ભવિષ્યમાં. આહાહા ! હેં ! અને એના ભ્રમના ફળ રખડવાના અવતાર આહાહા ! કોઈ જાણેલાં સગાં વહાલાં જ્યાં નથી, કોઈ બાયડી છોકરાં એનાં નથી, કોઈ ફઈ, ફૂવા, માસી, માસા ક્યાંય નથી. આહાહા ! એકલડો જઈને, એકલો મથશે ઊંધે રસ્તે. આહાહા !

એટલે એકવાર બાપુ તું સમજ, તું કોણ છો, કેવડો છો અને એ આત્મા એવો, એને સ્વસમય ક્યારે કહી શકાય અને એને પરસમય કેમ કહેવાય છે, તે વાત સમજ કહે છે. આહા ! આહાહા ! 'પોતાના અને પરદ્રવ્યોના આકારો' ગુણ ને પર્યાયો બધાને 'પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને–બધા રૂપને સ્વ દ્રવ્ય ગુણ પર્યાય, પરના દ્રવ્ય–ગુણ પર્યાય બધાને જાણવારૂપે પ્રકાશનારું પણ 'એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે' એટલા, અનંત જ્ઞેયોને જાણતાં જ્ઞાનની પર્યાય અનેકરૂપે–પરરૂપે થતી નથી. 'પોતાના જ્ઞાનની પર્યાયરૂપે એકપણે રહે છે.' આહાહા ! સમજાણું કાંઈ ? અનેકને જાણવા કાળે પણ જીવની પર્યાય એકરૂપે પોતાના જ્ઞાનરૂપે રહે છે. પરજ્ઞેયરૂપે અનેકને જાણતાં પરજ્ઞેયરૂપે તે જ્ઞાન થતું નથી. આહાહા ! અગ્નિને જાણતું જ્ઞાન, અગ્નિરૂપે થતું નથી. 'જ્ઞાન તો જ્ઞાનરૂપે રહીને અગ્નિને જાણે છે' આહા... હા ! એમ જ્ઞાન પોતારૂપે રહીને અનંત જ્ઞેયોને જાણે છે એ અનંત જ્ઞેયને જાણતાં અનેકપણાના ખંડ–ખંડ થઈ ગ્યા છે જ્ઞાનમાં, એમ નથી. આહાહા !

સમયસાર ધર્મકથા છે બાપુ ! આ તો ભાગવત–કથા ! હેં ? આહાહા !

'એકપણું પ્રાપ્ત કર્યું છે' શું કીધું ? 'જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે' આકાર પ્રતિભાસે કહેવું ઈ પણ નિમિત્તની વાત છે. એ તો પોતાનું પર્યાયમાં એટલું સામર્થ્ય છે કે સ્વ

ને પરને જાણવાના સામર્થ્યરૂપે પોતે પરિણમે છે. એવું પોતાના પરિણમનની પર્યાયનું અસ્તિત્વનું એટલું સામર્થ્ય છે. પર છે માટે એને પરને જાણે છે એમેય નહીં. એ પર છે એના તે સંબંધીનું અસ્તિત્વનું જ્ઞાનની પર્યાયનું સામર્થ્ય છે, તેટલા અસ્તિત્વનું પોતે પોતામાં રહીને સ્વને અને પરને જાણતાં અનેકરૂપે પરિણમ્યું જ્ઞાન, એથી અનેક થઈ ગ્યું છે એમ નથી. જ્ઞાનની પર્યાય તો એકરૂપ પોતે રહી છે. આહાહા ! આમાં કાંઈ લોઢા બોઢામાં મળે એવું નથી. આહાહા ! આમાં ક્યાંય આહાહા ! સોના ઝવેરાતવાળા હોય લ્યોને મોટા– ધૂળેય નથી ત્યાં. આહાહા !

'જેમાં અનેક વસ્તુઓના ભાવો પ્રતિભાસે છે એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે' આહાહા ! આ વિશેષણથી, આ બધા જીવના વિશેષણ કહ્યા ને ? જીવવસ્તુ, એને વિશેષણથી ઓળખાવી, કે આવો જીવ છે. આવો જીવ છે, આવો જીવ છે એનાં આ વિશેષણો છે. વિશેષ વસ્તુ પોતે, એનાં આ બધાં વિશેષણોથી એને ઓળખાવ્યો. આહાહા !

એક 'जीवो' એની વ્યાખ્યા હાલે છે આ. 'जीवो चरितदंसणणाण ठिदो' એ પછી ચાલશે. આહાહા ! અમૃતચંદ્રાચાર્ય જે કુંદકુંદાચાર્યને મળ્યા નહોતાં. ભગવાન પાસે ગયાં નહોતાં. પણ કુંદકુંદાચાર્યના પેટમાં જે ભાવ કહેવાના હતા ભાષામાં એ ભાવ ખોલ્યા છે. આહાહા ! આવી ટીકા ભરતક્ષેત્રમાં અત્યારે બીજે તો નથી પણ દિગમ્બરમાં આ સમયસારની આવી ટીકા એવી બીજે ઠેકાણે નથી. આહાહા ! આખો એને હલાવી નાખે એકવાર તો. આહાહા !

પરથી જુદો પ્રભુ તું પરથી જુદો લાગે. આહા ! પરને જાણવા છતાં પરરૂપે થઈને જાણે છો એમ નહીં. પરને જાણવા કાળે પણ તારારૂપે રહીને થઈને તું જાણે છો. કિરણભાઈ ! ભાષા તો સહેલી છે ! આવી વાતું છે બાપુ શું થાય ? આહાહા !

પરનું કાંઈ કરી શકતો તો નથી, કેમકે પરના આકારો એમ કીધા ને ! એ તો પરરૂપે છે. આ એમ આવ્યું ને ? 'પોતાના અને પરદ્રવ્યોના આકારોને' પરદ્રવ્ય, પરદ્રવ્યરૂપે છે, એના દ્રવ્યગુણપર્યાય. પોતાના પોતાના દ્રવ્યગુણપર્યાય છે. એને સામર્થ્ય હોવાથી એને, 'પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી' પરરૂપે થઈને નહીં, પોતાના જ્ઞાનમાંથી ખસીને પરને જાણે છે એમ નહીં, આહા ! પોતાના જ્ઞાનના અસ્તિત્વમાં રહીને, સ્વ ને પરના આકારોને જાણવા છતાં 'એકરૂપે રહે છે' એકનો બે થાતો નથી. આહાહાહા !

આ જ્ઞાન પોતાને જાણે ને પરને નથી જાણતું એમ કહેનારાઓનો નિષેધ કર્યો. જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું 'પરને જાણતું નથી' કઈ અપેક્ષાએ ? પરમાં તન્મય થઈને પરને જાણતું નથી. પણ પરને પરમાં તન્મય થયા વિના, પોતામાં રહી ને પરને પર તરીકે બરાબર જાણે છે. આહાહા !

'આ વિશેષણથી જ્ઞાન પોતાને જ જાણે છે પરને નથી જાણતું' એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જ જાણે છે. 'એમ અનેકાકાર માનનારનો વ્યવચ્છેદ થયો' પોતે પોતાને નથી જાણતો પરને જ જાણે છે એમ માનનારા છે. આહાહા ! આ શરીર છે, આ વાણી છે, આ ધંધો છે એને જ્ઞાન જાણે ઈ પરને જાણે છે એમ. પોતાને નથી જાણતો અરે પણ, પરને જાણવાકાળે જાણનાર પર્યાય પોતાની છે કે પરની છે ? એ પોતામાં રહીને પરને

જાણે છે કે પરરૂપ થઈને પરને જાણે છે ? એ પોતામાં રહીને પરને જાણે છે તો પોતે પોતાથી સ્વયં સિદ્ધ છે એને જાણે, એને કેમ ન જાણે ? આહાહા !

‘ તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે એમ અનેકાકાર જ માનનારનો વ્યવચ્છેદ થયો. ’ લ્યો ! આહાહા !

વિશેષ કહેશે હવે.....

***